EDII

Divya Bhaskar

February 26, 2018
Page No.4
of Business Bhaskar

મંડળીઓ બજારની જરૂરિયાતો, સપ્લાયર્સ-ઉપભોક્તાની માગ મુજબ પરિવર્તન પર ધ્યાન આપતી નથી

# નાના તથા સીમાંત ખેડૂતો માટે આશાનું કિરણ: યોગ્ય-ઉત્તમ કૉર્પોરેટાઈઝેશન

ખેડૂતોનું સામુદાયિકરણ જૂની અને લાભદાયક પદ્ધતિ છે, જેનાથી દુનિયાનાં અનેક ખેડૂતોને લાભ થાય છે. તેનાથી ઓછા ખર્ચે વધારે ઉત્પાદન અને ઊંચું વળતર મેળવવામાં, આંતરિક સાધનસામગ્રીનો ખર્ચ ઘટાડવામાં મદદ મળે છે, વધારે સારી સોદાબાજી કરવાની તાકાત મળે છે અને ખેડૂતોનું વજન સારું એવું વધે છે. સામુદાયિકરણનું સૌથી સામાન્ય સ્વરૂપ એ છે કે ભારતીય ખેડૂતો વર્ષોથી ઉત્પાદન સંગઠનોનું સ્વરૂપ અપનાવ્યું છે, જેમાં સહકારી મંડળીઓ, સ્વયંસહાય જૂથોનું સંગઠન, સહિયારી જવાબદારી ધરાવતાં જૂથો, ખેડૂત મંડળો, સામાન્ય હિત જૂથો અને તાજેતરમાં સ્થાપિત પ્રોડ્યુસર્સ કંપનીઓ સામેલ છે. સંસ્થાગત માળખા સ્વરૂપે સહકારી મંડળીઓનો સ્વીકાર મોટા ભાગનાં ખેડૂત અને બિનખેડૂત સમુદાયોએ કર્યો છે. ખેડૂતોની સમસ્યાઓનું સમાધાન થયું નથી તથા વહીવટ નબળાં નેતૃત્વ અને શક્તિશાળી ભદ્ર વર્ગનાં હાથમાં છે. સરકારી અધિકારીઓનું વધારે પડતું નિયંત્રણ મુખ્ય સમસ્યા હોવા ઉપરાંત આ મંડળીઓ વ્યવસાયલક્ષી અભિગમ પણ ધરાવતી નથી.

**સ્ટાર્ટઅપ ટોક**

સંદીપ રાવત

(લેખક: આસિસ્ટન્ટ ફેકલ્ટી, ઈડીઆઈઆઈ છે)

sandeep@ediindia.org

## સહકારી મંડળીઓને શા માટે સફળતા ન મળી? સફળતા માટે શું અતિ આવશ્યક



**ભવિષ્ય**
જો પ્રોડ્યુસર્સ કંપનીઓનું યોગ્ય રીતે સંચાલન કરવામાં આવે અને ઉચિત રીતે તેને પ્રોત્સાહન આપવામાં આવે, તો તેનાથી ખેડૂતોનો તણાવ ઘટવામાં મદદ મળી શકે છે.

જો આપણે ભારતમાં મોટા ભાગની સહકારી મંડળીઓ અને અન્ય તેનાં જેવી મંડળીઓ અને અન્ય ખેડૂત સંગઠનો અને એસએચજી (સ્વયં સહાય જૂથ) પર નજર નાંખીએ, તો આપણને જોવા મળશે કે તેમાંથી મોટા ભાગની મંડળીઓ હંમેશા આંતરિક જરૂરિયાતો પૂરી કરવાનો અભિગમ ધરાવે છે એટલે કે બજારની જરૂરિયાતો, સપ્લાયર્સ અને અંતિમ ઉપભોક્તાની માગો અને તે પ્રમાણે પરિવર્તન જેવી બાબતો પર ધ્યાન આપતી નથી. શેરડી અને દૂધ ઉત્પાદનમાં સંકળાયેલી પશ્ચિમ ભારતની સહકારી મંડળીઓ ઉપરાંત મોટા ભાગની સહકારી મંડળીઓ સમગ્ર દેશમાં નિષ્ફળ નિવડી છે, જે માટે બજાર પ્રત્યેનાં અભિગમનો અભાવ અને તેમની સંસ્થાઓનાં સંચાલન માટે મજબૂત વ્યાવસાયિક યોજના જવાબદાર છે. સહકારી મંડળીની સફળતાનું ઊડીને આંખે વળગે એવું એકમાત્ર ઉદાહરણ ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનની માલિકીની અમૂલ બ્રાન્ડ છે.

**પ્રોડ્યુસર્સ કંપનીઝ (ઉત્પાદકોની કંપનીઓ)** | અત્યારે એક તરફ સહકારી ક્ષેત્રનાં સિદ્ધાંતો જાળવી શકે અને બીજી તરફ, મજબૂત વ્યાવસાયિક સ્થિતિ હાંસલ કરી શકે તેવાં સંસ્થાકીય માળખાની તાતી જરૂર છે. આ માટે ભારત સરકારે વર્ષ 2003માં 'પ્રોડ્યુસર્સ કંપનીઝ' એટલે કે 'ઉત્પાદકોની કંપનીઓ' નામનું નવું સંસ્થાકીય સ્વરૂપ રજૂ કર્યું હતું. તાજેતરનાં વર્ષોમાં આ પ્રકારની કંપનીઓમાં સરકારે મહત્ત્વપૂર્ણ રસ લીધો છે અને સારું એવું ધ્યાન ખેંચ્યું છે. ભારત સરકારનાં નેજાં હેઠળ કૃષિ અને સહકાર મંત્રાલયે વર્ષ 2014ને ફાર્મર પ્રોડ્યુસર કંપનીઝનું વર્ષ જાહેર કર્યું હતું તથા સરકાર દ્વારા વર્તમાન ધિરાણ યોજનાઓ સાથે તેમને સુસંગત બનાવી છે. સ્થાનિક બિનસરકારી સંસ્થાઓ (એનજીઓ) ઉપરાંત વર્લ્ડ બેંક, એફએઓ અને યુએનડીપી જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ તેમને પ્રોત્સાહન આપવા અને સુવિધા આપવા સારો એવો રસ દાખવ્યો છે.